વૃદ્ધ માણસોને સંતાનોના અવાજથી પણ શાતા વળતી હોય છે. પિતા સાથે ફોન પર વાત કરવાની એને અતિતીવ્ર ઈચ્છા થઈ આવી. આમેય સમયની સાથે દરેક ગુસ્સાનું કારણ નાનું થતું જાય છે. અને એકાદ દિવસ એવો પણ આવે કે માણસને એમ થાય કે, 'અરે! આવા નાના અને વાહિયાત કારણ માટે આપણે આટલા બધા ગુસ્સે થયા હતા ?!' આવું જ કંઈક એ યુવાનની સાથે બની રહ્યું હતું. એણે ફોન લઈ પોતાના ઘરનો નંબર ઘુમાવ્યો. સામા છેડે જ્યારે કોઈએ ફોન ઊંચક્યો ત્યારે એના ધબકારા ખૂબ વધી ગયા હતા. પિતાજી સાથે પોતે કઈ રીતે વાત કરી શકશે એની અવઢવ સાથે એણે 'હેલો!' કહ્યું. પણ એને નિરાશા સાંપડી. સામા છેડે એના પિતાજી નહોતા પણ ઘરનો નોકર હતો. નોકરે કહ્યું કે : 'શેઠ સાહેબ તો અઠવાડિયા પહેલાં અવસાન પામ્યા. તમે પોતાનું સરનામું જણાવેલ નહીં એટલે તમને જાણ શી રીતે કરી શકાય ? પણ મરતાં સુધી તમને યાદ કરીને રડતા હતા. એમણે કહેલું કે તમારો ફોન ક્યારેય પણ આવે તો તમને બધો કારોબાર સંભાળવા બોલાવી લેવા. એટલે તમે આવી જાવ!'

પેલા યુવક પર તો જાણે વજ્રઘાત થયો. પોતાના પિતાને એમની છેલ્લી ક્ષણોમાં પણ મળી ન શકાયું એ વાતની વેદનાએ એના હૈયાને વલોવી નાખ્યું. પણ હવે શું થાય ? પોતાના ઘરે પાછા જવાની ઈચ્છા સાથે એણે સહકુટુંબ વતન તરફ પ્રયાણ કર્યું. ઘરે આવીને સીધો જ એ પોતાના પિતાના રૂમમાં ગયો. એમની છબી સામે ઊભા રહેતાં જ એની આંખો વરસી પડી. થોડી વાર આંખો બંધ કરીને એ એમ જ ઊભો રહ્યો. પછી પોતાના રૂમમાં આવ્યો. એવામાં એની નજર પોતાના ટેબર પર પડેલ સોનેરી અક્ષરવાળા રામાયણ પર પડી. આ એ જ રામાયણ હતું જેના કારણે એણે ઘર છોડ્યું હતું. એના મનમાંથી પિતાજી માટેની બધીજ કડવાશ ગાયબ થઈ ગઈ હતી. એણે રામાયણ હાથમાં લઈ ખોલ્યું. પ્રથમ પાના પર જ એના પિતાએ લખ્યું હતું : 'હે ભગવાન ! મારા દીકરા જેવા ઉત્તમ સંતાનને ભેટ કઈ રીતે આપવી તે તું મને શિખવાડજે. એણે માગેલ વસ્તુઓ સાથે એને ઉત્તમ સંસ્કારોનો વારસો પણ આપી શકું એવું કરજે.' એ યુવકને આજે પોતાના પિતાએ લખેલ આ શબ્દો રામાયણના શબ્દો જેટલા જ મહાન લાગ્યા. એ શબ્દોને ચૂમવા એણે રામાયણને હોઠે લગાડ્યું. એજ વખતે એનાં પાનાંઓ વચ્ચે ક્યાંક છુપાયેલ એક નાનકડું કવર નીચે જમીન પર પડ્યું. પેલા યુવાને એ કવર ખોલ્યું. એમાં હોન્ડા સ્પોર્ટ્સ કારની ચાવી અને સંપૂર્ણ ચૂકતે લખેલું પેલા શૉરૂમનું બિલ હતું. એના પર તારીખ હતી : એ પ્રથમ નંબરે પાસ થઈને આવ્યો હતો એ જ દિવસની....! કંઈ કેટલીય વાર સુધી એ નીચે બેસી રહ્યો. પછી હૃદય ફાટી જાય એટલું બધું રડ્યો. ધ્રુસકે ધ્રુસકે એ પછી કલાકો સુધી સૂનમૂન બની એ પોતાના પિતાજીની છબી સામે જોતો રહ્યો.

ભેટ આપણે ધારીએ એ રીતે મળે તો જ આપણે એનો સ્વીકાર કરીએ એ તો કેવું ? વડીલો તો ઠીક, ભગવાન તરફથી જુદી જુદી રીતે પેકિંગ કરાયેલ આવી કેટલી બધી ભેટોનો આપણે અસ્વીકાર કરતાં હોઈશું ? કારણ એક જ કે આપણી ધારણા પ્રમાણે એનું પેકિંગ થયું નથી હોતું. બસ ! એટલું જ !! માતા પિતાનું સન્માન કરો.

* * *

*સાંધીએ વર્ષોથી, સંધાતી નથી તો પણ હજી, કઈ તિરાડોની વચોવચ આપણે ઊભા છીએ ?*
*જિંદગીને ગુર્જરી ભાષાની તુલના થાય તો, 'થોભ' ને 'ગો' ની વચોવચ આપણે ઊભા છીએ.*

# બુદ્ધિની દલીલોને બદલે કોઠાસૂઝથી લેવાયેલા નિર્ણયો વધુ સાચા ઠરતા હોય છે

– સૌરભ શાહ



કશુંક મૌલિક કરવા, લખવા કે વિચારવા માટે, કહેવાય છે કે અક્કલ જોઈએ. સૂઝ અને સમજ જોઈએ. આ સૂઝ, સમજ, અક્કલ કે હોશિયારીનું પ્રમાણ નોબેલ ઈનામવિજેતામાં જેટલું હોય એટલું જ એક ગૅરેજમાં કામ કરતા મોટરમિકેનિકમાં હોય ખરું ? અશક્ય નથી. રૂઢિચુસ્ત મનોવૈજ્ઞાનિકો માનતા કે સર્જનાત્મકતા એક કુદરતી ભેટ છે. કોઈનામાં હોય, કોઈનામાં ન પણ હોય, આધુનિક માનસચિકિત્સકો કહે છે કે સર્જનાત્મક વિચારશક્તિ દરેક વ્યક્તિમાં સુષુપ્ત અવસ્થામાં પડેલી જ હોય છે. જરૂર છે, માત્ર એને ઢંઢોળવાની, ખાતરપાણી આપીને વિકસાવવાની.

સર્જનાત્મકતાનું ખાતર તૈયાર કરવાની રીતનો મૂળભૂત સિદ્ધાંત લગભગ દરેક મનોવૈજ્ઞાનિક પાસે સરખો જ છે : તર્કબદ્ધ રીતે વિચાર કરતા ડાબા મગજને, કલ્પનાશક્તિથી ઊભરાતા જમણા મગજથી 'છૂટું' પાડી દેવું અથવા તો એની અસરથી મુક્ત કરવું. સામાન્ય સંજોગોમાં કોઈપણ સમસ્યાનો ઉકેલ શોધતી વખતે દિમાગ એક જ દિશામાં વિચાર કરતું હોય છે. 'અગાઉ મેં આ જ રીતે કર્યું હતું' કે પછી 'આવા સંજોગોમાં બીજા લોકો આ જ કરે' એવી પરંપરાગત વિચારસરણીમાંથી મુક્ત થઈ શકે તે જ કંઈક નવું કરી શકે. સ્થાપિત માન્યતાઓને પડકારવાથી દર વખતે મોતી લાધે જ એવું કોઈએ લખી આપ્યું નથી, પણ એટલું સાચું કે મોતી મળશે તો તે શંકાઓ અને પડકારામાંથી જ મળશે.

પશ્ચિમી વિદ્વાનો અને એમનું અનુકરણ કરનારા દેશી વિદ્વાનો અત્યાર સુધી કહેતા રહ્યા કે માણસે તાર્કિક રીતે વિચારવું જોઈએ, લૉજિકલ થિંકિંગ કરવું જોઈએ. દરેક પ્રશ્નનો, ખાસ કરીને વ્યવસાયને લગતા પ્રશ્નોનો, ઉકેલ લાગણીથી કે હૃદયથી નહીં પણ વિચારશક્તિથી કે મગજના ઉપયોગથી લાવવો જોઈએ. એક વત્તા એક બરાબર બે એવા તર્કબદ્ધ વિચારોએ આગળ વધવું જોઈએ.

પણ હવે વાયરો પલટાયો છે. તર્ક છોડીને સ્વયંસ્ફુરણા અર્થાત્ ઈન્ટ્યુઈશન વડે નિર્ણયો લેવાની અગત્યતા સમજાઈ છે. કંઈ પણ કામ કરવું હોય ત્યારે મગજને ત્રાસ આપવાને બદલે આત્માના અવાજને માન આપવામાં ઓછું જોખમ જણાયું છે. આનું કારણ શું ? કારણ એ જ કે જે ઝડપે જમાનો આગળ વધી રહ્યો છે, તે જોતાં લાગે છે કે નિર્ણય કરતી વખતે આગળપાછળનાં તમામ પાસાંનો વિચાર કરતા રહીશું અને ચોળી ચોળીને

*રોજ જોતી સૃષ્ટિ આપણને ટિકિટ લીધા વિના, શ્વાસના શોની વચોવચ આપણે ઊભા છીએ,*
*આપણા આ પ્રેમને વર્ષો થયાં તો પણ હજી, 'યસ' અને 'નો' ની વચોવચ આપણે ઊભા છીએ.*
*– અનિલ ચાવડા*

ચીકણું કરતા રહીશું તો મોડા પડીશું. આપણી પાસે કોઈ પ્રશ્નનાં તમામ પાસાં વિશે માહિતી ન હોય ત્યારે એ માહિતી ભેગી કરતા રહીશું તો ગયા કામથી. મોકાનો સમય સરી જશે. એટલે જ મન કહે એ કરી નાખવાનું. આત્માના અવાજમાં અત્યાર સુધીના આપણા અનુભવોનો સૂર ભળેલો હોય છે.

વાસ્તવમાં આ સ્વયંસ્ફુરણા કે આત્માનો અવાજ કે ઈન્ટ્યુઈશન નામની ચીજ જીવનમાં કેટલી ઉપયોગી છે એની જાણ ભારતીયોને જન્મથી જ હોય છે. ધંધામાં કોઠાસૂઝ સૌથી મહત્ત્વની એ વાત શીખવા તમારે હાર્વર્ડ સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ઍડમિશન લેવાની જરૂર નથી. કાગળ પરની યોજના ગમે એટલી રૂપાળી લાગે પણ દિલમાં કંઈક કણસતું લાગે તો તમામ માર્કેટ રિસર્ચ પછી પણ, કોઠાસૂઝથી લેવાયેલો નિર્ણય વધુ સાચો ઠરતો હોય છે. રોજિંદા જીવનમાં ઘણી વાર મનમાં આશંકા જાગે કે કશુંક અમંગળ બનવાનું છે એવી ભાવના થાય ત્યારે તર્ક કે બુદ્ધિ ગમે તે કહે, આપણે આપણું ધાર્યું જ કરતા હોઈએ છીએ.

ઍય્ન રૅન્ડે એક વખત બહુ સરસ વાત કરી હતી કે 'આપણને વૃક્ષ તરફ જોતાં શીખવાડાય છે, વન તરફ નહીં.' આપણા શિક્ષણ અને સંસ્કારની ખામીને કારણે આપણા વિચારો બંધિયાર બની જતા હોય છે. જિંદગી આપણને જિવાડે એને બદલે આપણે જિંદગીને જિવાડીએ એમાં જ સાર્થકતા છે. ઍય્ન રૅન્ડની 'ધ ફાઉન્ટનહેડ' નવલકથાનો એક પ્રસંગ ખૂબ ગમતો કિસ્સો છે. નવલકથાનો હીરો હાવર્ડ રોઆર્ક એક અલગ માટીનો માણસ છે, અને વ્યવસાયે આર્કિટેક્ટ છે. સ્થાપત્યશાસ્ત્રને લગતા એના વિચારોને એ જ્યાં ભણતો એ કૉલેજના ડીન સ્વીકારી નથી શકતા. એને કૉલેજમાંથી કાઢી મૂકે છે. એ વખતે ડીન સાથે વાત કરતી વખતે ડીને જ્યારે એને પૂછ્યું કે, 'તારી કલ્પના મુજબનાં વાહિયાત મકાનો તમે કોણ બાંધવા દેશે ?' ત્યારે એણે ખુમારીથી જવાબ આપ્યો, 'સર, એવાં મકાનો મને કોણ બાંધવા દેશે એ સવાલ નથી. સવાલ એ છે કે એવાં મકાનો બાંધતાં મને રોકશે કોણ ?

વિદુષી ઍય્ન રૅન્ડે કહ્યું હતું કે 'કોઈ વ્યક્તિ કોઈ ધંધો કે કોઈ સમાજ દેવાળું ફૂંકવાની તૈયારીમાં હોય ત્યારે બેમાંની એક વાત બનતી હોય છે : એક, તેઓ વાસ્તવિકતાથી દૂર ભાગે, ગભરાટમાં આંધળૂકિયાં કરે, આગળ જોવાનું ટાળે, પ્રાર્થના કરે કે કોઈ સત્ય ન ઉચ્ચારે તો સારું, અને ખોટી આશામાં બેસી રહે કે કોઈક ચમત્કાર આપણને આમાંથી ઉગારશે અથવા તો બીજું કે તેઓ પરિસ્થિતનો ઊંડો અભ્યાસ કરે, અંદર છુપાયેલી શક્તિઓને પિછાણે અને તૂટી પડેલું માળખું નવેસરથી ઊભું કરવાની શરૂઆત કરે.'

ટૂંકમાં, વ્યક્તિ, ધંધો કે સમાજ દેવાળું ફૂંકે એમાં કોઈ નવાઈ નથી, પણ એવું થઈ રહ્યું હોય ત્યારે એમનું વર્તન કેવું છે તેના પર એમના ભવિષ્યનો આધાર છે. બૌદ્ધિકતાનું દેવાળું નીકળતું હોય છે, ત્યારે સમાજ બાબાઓ અને ધર્મગુરુઓના આશ્રમોથી માંડીને ડિસ્કો સુધીનાં સ્થળોએ પોતાની સાચી ઓળખાણને શોધવા ભટક્યા કરે છે.

* * *

*ઘણાં વર્ષોથી હું ભ્રમણ કરતો વાદળ થઈ, સરૂં ખંડે ખંડે... શીતળ જળ માટીમહીં ભરું,*
*ઠરી બેસી જામું બરફ બની ઊંચા ડુંગરોમાં, પછી વ્હેતો ક્યારેક નદી ઝરણાના શરીરમાં.*

# સ્વાસ્થ્યના સ્વસ્થ પ્રહરી

**- મીતા જૈન**


તસ્વીર - પ્રતિકાત્મક

સામાન્ય રીતે ૧૬-૧૭ વર્ષની વયે જન્મદિવસ ઉજવતાં રોમાંચ અનુભવાય છે. ''સોળે સાન'' અને ''વીસે વાન''નો યુવાનીનો પ્રવેશ મનમાં ઉમંગ જગાવે છે, અનેક મહત્વાકાંક્ષાઓ અને સુંદર સોણલા સોળે કળાએ ખીલી ઉઠે છે.

આજે આપણે એવા સ્વસ્થ સ્વાસ્થ્ય-પ્રહરીની વાત કરવી છે જે ૭૯ વર્ષની વયે પણ યુવાન છે. એમની વાત જાણીને આપને પણ થશે કે યૌવન માત્ર ૧૬ વર્ષે જ નથી આવતું - એનાં વિભિન્ન તબક્કા હોય છે. દરેક તબક્કાની શરૂઆત જુદી જુદી વયે થાય.

વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ એટલે વૃદ્ધાવસ્થામાં પ્રવેશ એવું આપણે સ્વીકારીએ છીએ. જો કે આધુનિક વિજ્ઞાન અને શરીરશાસ્ત્રના અભ્યાસીઓ એવું તારણ આપે છે કે સત્તાવીસ વર્ષે પ્રતિકાત્મક વૃદ્ધાવસ્થા શરૂ થઈ જાય છે, એ ધીમી ગતિનો ખ્યાલ ૪૦-૪૫ વર્ષની વયે આવે છે. આપણે ખૂબ જ મંદ અને ગુપ્ત રીતે વૃદ્ધાવસ્થા તરફ સરીએ છીએ - એનો ખ્યાલ પણ આવતો નથી. વૃદ્ધાવસ્થાના શારીરિક લક્ષણો કોઈને ગમતા નથી - કરચલી પડે, વાળ ધોળા થવા લાગે, દાંત ઢીલા પડે.... ન ગમતા આવા આવા લક્ષણોને ધક્કો નથી મારી શકાતો. એમાં ધીમે ધીમે વૃદ્ધિ થતી જાય છે. આવા લક્ષણો પ્રત્યે ઘૃણા કે નારાજી વ્યક્ત કરીને મનને ક્લેશયુક્ત બનાવી દેવાથી પરિણામ બદલી શકાતું નથી. એના બદલે એને પણ સહજ સ્વીકારી લેવામાં આવે, મનને યૌવનસભર તાજુ રાખવાના પ્રયત્નો કરવામાં આવે તો શારીરિક વૃદ્ધાવસ્થાના ચિહ્નો અળખામણા પણ નહીં લાગે અને શક્યતઃ એની ગતિ વધુ મંદ થતી જશે. ૫૦-૬૦ વર્ષે પણ ૪૦-૪૫ની વય જેવો દેખાવ જાળવી શકાશે.

મનને યૌવનસભર તાજુ રાખવું કેવી રીતે ? શરીરને કેવી રીતે સ્વાસ્થ્યસભર બનાવવું ? આવા પ્રશ્નોનું ચિંતન માત્ર ન કરતાં એની અમલ બજાવણી કરવી જોઈએ. એ માટેના સક્રિય પ્રયત્ન/પ્રયોગ કરવા જોઈએ. એમાં સૌથી ઉત્તમ ઉપાય છે અનુભવનું ભાથું મેળવવાનો. ૬૦-૬૫ વર્ષથી ઉપરની વયની પણ તંદુરસ્ત અને પ્રવૃત્તિમય - ઉત્સાહી - આનંદી વ્યક્તિઓની દાબડીમાં ડોકિયું કરવાથી આપણને મનની શાંતિના ગુપ્ત રહસ્ય અને આરોગ્યાયુની કોઈને કોઈ 'ટિપ્સ' અવશ્ય મળી જાય.

ડૉ. જયંતીભાઈ શાહની આવી જ દાબડીમાં મને ડોકિયું કરવાની તક મળી અને એમાંથી મેં પ્રાપ્ત કરેલો અમૂલ્ય ખજાનો આજે આપની સમક્ષ ખુલ્લો મૂકું છું.

૭૯ વર્ષની વય સુધી એઓ ગોત્રી-વડોદરામાં વિનોબા આશ્રમ - નિસર્ગોપચાર કેન્દ્રમાં માનદ્ ચિકિત્સકની રૂએ કાર્યરત રહ્યા. અચુક સવારે ૯ વાગ્યે કારેલી બાગથી બે બસ બદલીને એઓ આવી પહોંચતા. ૯ કલાક બાદ છેક સાંજે ૬.૦૦ વાગ્યે એ જ રીતે પાછા સ્વગૃહે જવા નીકળતા.

આખો દિવસ દર્દીઓને મળવું, વિગતો નોંધવી, ચિકિત્સા કરવી, અસંખ્ય પત્રોના ઉત્તર આપવાં,

*ફરું ખુલ્લો, વાતા પવન સમ ઘાટાં વનવનો, વટાવું સંગાથે તરુ તરુ ઘટાઓ રમણીય,*
*કરી મૂકું, વેરું ફળફૂલ ટહૂકા પથ પરે.....*

સમગ્ર વહીવટીકાર્ય સુચારુરૂપે સંભાળવું. દિલ્હીની ગાંધી સ્મારક પ્રાકૃતિક ચિકિત્સા સમિતિના કુદરતી ઉપચારના ડિપ્લોમા માટેની પરીક્ષાઓનું સંચાલન કરવું. આરોગ્ય વિષયક સામાયિકો માટે લેખો લખવા. પુસ્તકો પ્રગટ કરવા. પ્રુફ તપાસવા. આમાં મુખ્ય છે - દર્દીઓ સાથેની આત્મિયતા-ભાવપૂર્વક હસતા ચહેરે - વહાલ દર્શાવતી આંખે એઓ દર્દીને સાંભળતા જાય અને હળવેથી એનો માનસોપચાર આરંભી દે. ઉપચાર શરૂ થાય એ પહેલાં જ દર્દી વિશ્વસ્ત/આશ્વસ્ત થઈ સ્વાસ્થ્યની પહેલી સીડી પર તો પગ મૂકી જ દે!

ભલા! આવા ડૉક્ટરનું મને સાંનિધ્ય મળવું એ એક પરમ સૌભાગ્ય જ ને! આજીવન બ્રહ્મચારી ડૉ. જયંતિભાઈએ એમના પિતૃહૃદયમાં મને પુત્રીનું સ્થાન આપ્યું છે. પિતાતુલ્ય કાકાની આ ચિકિત્સક તરીકેની રચનાત્મક પ્રવૃત્તિ છેક ૧૯૮૪માં નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ આરંભાઈ છે.

જે વયે લોકો પોતાને વૃદ્ધ સમજે, નિવૃત્તિ એમને નિરાશા-વૃત્તિમાં ઘસડી જાય અને પરાણે પરાણે આયુષ્ય પૂર્ણ કરે એ વયે જયંતીકાકા નિસર્ગોપચાર કેન્દ્રમાં જોડાયા. અહીંઆ એમનો યુવાનીનો બીજો તબક્કો શરૂ થયો. આ પ્રવૃત્તિ એમનું સપનું હતું. જે સપનું એમણે છેક ૧૯૪૬માં સજાવ્યું હતું. પણ પ્રતિકૂળતાને લઈને એ એને સાકાર નહોતા કરી શક્યા. એ સપનું એમણે ગોપીત કરીને મનના અગાધ ખૂણામાં ધરબી દીધું હતું. પણ એ સપનાના બીજને એમણે હૂંફથી/વિશ્વાસથી પોષ્યા કર્યું હતું. એનું જતન કર્યું હતું - એને મરવા દીધું હોત તો.... ? .... તો આજે કાકા 'નિજાનંદ'માં આનંદથી રહી ન શક્યા હોત.

સને ૧૯૪૬માં મે માસમાં કાકાએ એમના ત્રણ મિત્રો સાથે પુદુકોટ્ટાઈ (તામિલનાડુ) માં ડૉ. લક્ષ્મણ કે. શર્મા પાસે કુદરતી ઉપચારનું શિક્ષણ લીધું હતું. એ શિક્ષણનો જન ઉપયોગ ભલે મોડો થયો પણ એમના જીવનને સ્વસ્થ વળાંક મળી ગયો.

ચાલો, એમની સાથે જ વાત કરીએ....

''કાકા, ૧૯૪૬માં લીધેલ કુદરતી ઉપચારના શિક્ષણે તમારા જીવનમાં શું ફેરફાર કર્યો ?''

''જીવનમાં વ્યાયામ, ચાલવાનું, સાયક્લીંગ વગેરેને સ્થાન હતું જ એટલે તબિયત સારી રહેતી. પરંતુ આહાર અંગે વિશેષ જાણકારી મળી. તંદુરસ્ત રહેવા માટે કુદરતી ઉપચાર જ યોગ્ય છે એની પ્રીતીતિ થઈ. જીવનમાં જ્યારે તાવની માંદગી આવી ત્યારે કુદરતી ઉપચારના અંગરૂપ માત્ર પાણી ઉપરના ઉપવાસ દ્વારા તેમાંથી મુક્તિ મેળવી. જીવનમાં તાવ સિવાય કોઈ મોટી માંદગી આવી નથી. સાથે રહેતા નાના ભાઈની ટાઈફોઈડની બિમારી ઉપવાસ દ્વારા જ મટાડી. જીવનભર સ્વસ્થ રહેવામાં કુદરતી ઉપચારના શિક્ષણનો બહુ મોટો ફાળો છે.''

''સુધરાઈની નોકરીમાંથી નિવૃત્ત થઈ ફરી નવી પ્રવૃત્તિમાં જોડાતાં કેવો અનુભવ થયો ?''

''લોકસેવાનું કામ કરવાનો વિચાર જીવનભર મનમાં રહ્યો છે. સંજોગોવશાત્ તે શક્ય ન બન્યું. નિવૃત્તિમાં કુદરતી ઉપચારનું કામ કરવાનો નિર્ણય તો છેક ૧૯૪૬નો હતો. એટલે મનગમતી પ્રવૃત્તિ મળતાં આનંદ થયો. રોગપીડિત દર્દીઓને સાજા કરવામાં નિમિત્ત બનવામાં સંતોષ મળે છે. મનુષ્ય સેવા એ જ પ્રભુ સેવાનો અનુભવ થાય છે. જીવન સફળ થયાની લાગણી થાય છે.''

''કાકા, આરોગ્ય માટે કંઈક સૂચના ?''

''તંદુરસ્ત રહેવા માટે કેટલાંક સર્વમાન્ય સૂત્રો છે (૧) આહાર, વિહાર અને મનોવ્યાપારનું સુચારૂરૂપે નિયમન (૨) પગ ગરમ, પેટ નરમ અને માથું ઠંડુ (૩) છાતી બહાર અને પેટ અંદર (૪) સાદું જીવન અને ઉચ્ચ વિચારનો અમલ. આ સૂત્રોનું જીવનમાં શક્ય તેટલું વધુ પાલન આરોગ્ય માટે અનિવાર્ય છે.''

*રહું ખેડી ક્ષેત્રો મબલેખ ઉગાડું કણસલાં, ચહું વંટોળે બાંધું રણ, વળતાં તારક જૂથ,*
*લઈ કાંધે આવું ભૂતળ ઉપરે.... ઊંડું દરિયે.*

''જીવન અંગે કોઈ ખાસ વિચારો ? કોઈ માન્યતાઓ ?''

''જીવનનો ખાસ હેતુ છે. તે સિદ્ધ કરવા સતત મથવું જોઈએ. જીવનનો આનંદ પોતાની અંદરથી અને પોતાના જીવનમાંથી પ્રગટવો જોઈએ. તે માટે બીજા પર આધાર રાખવાનો ન હોય. તવ ચરણે, તવ શરણેનો ભાવ જીવનમાં સર્વાંગે વ્યાપી રહે એવી ઝંખના છે. તે માટે પરમકૃપાળુને સતત પ્રાર્થું છું. અંતઃકરણપૂર્વકની સતત યાચનાથી જીવનની શુભકામનાઓ ફળે છે એવો અનુભવ છે. સતત નિષ્કામ પ્રવૃત્તિ એ જ સાચું જીવન એમ લાગે છે.''

''કાકા, અકાળે વૃદ્ધત્વ આવી જવાનું શું કારણ હશે ?''

''(૧) ધ્યેયહીન જીવન (૨) જીવન જીવવા માટેની નિશ્ચિત યોજનાનો અભાવ (૩) વધુ પડતી મહત્ત્વકાંક્ષા (૪) આરોગ્યના નિયમોની જાણકારીનો અભાવ (૫) જીવનમાં સાત્વિકતાની ગેરહાજરી.''

''કાકા, યુવાનોને કોઈ સંદેશ આપશો ?''

''સ્વામી વિવેકાનંદે યુવાનોને ''ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ માટે મંડ્યા રહેવાનો'' સંદેશ આપ્યો છે. દરેક યુવાને જીવનનું ઉચ્ચ ધ્યેય નક્કી કરી તે માટે સતત પ્રવૃત્તિશીલ રહેવું જોઈએ. પૂ. ગાંધીબાપુએ એકાદશ વ્રત પોતાના જીવનમાં ઉતારી તેમાંથી શક્ય તેટલાં વધુ વ્રતો આચરવા અનુરોધ કર્યો છે. એમાનાં એકાદ વ્રતનું સંપૂર્ણ પાલન પણ જીવનની સફળતા માટે પૂરતું છે.''

''જીવનમાં આધ્યાત્મિકતાને કોઈ સ્થાન ખરૂં ?''

''શ્રી રામકૃષ્ણ પરમહંસના કથામૃતમાં ઘણું બધું જીવનમાં ઉતારવા જેવું છે. પરંતુ સામાન્ય માણસ પણ સહજ રીતે કરી શકે એવો નામ સ્મરણ, ભક્તિ, સત્સંગનો એમનો વિચાર સૌથી વધુ ગમ્યો છે. છાસમાં માખણ તરે એમ સંસારમાં તરવાની તેમની ઉપમા ખૂબ પ્રેરક લાગી છે.''

આજે આપણે ૪૦-૪૫ વર્ષની વયે અરે! ક્યારેક ત્રીસીની વ્યક્તિને કહેતી સાંભળીએ છીએ - ''હવે શું નવું કરવું - ઘરડા થયા ભાઈ! જે છે તે કર્યા કરો ને!'' તદ્દન કંટાળા સૂચક આ જવાબોમાં એમની નિરાશા ટપકે છે. એમનો માટે જયંતિકાકા દીવાદાંડીરૂપ છે. નિવૃત્તિમાં પ્રવૃત્તિને ઉમેરી એઓ સૌને પ્રેરણાનું ભાથું પૂરું પાડે છે.

આવા પ્રિય કાકા સાથે મારો 'ધ્યેય-મેળાપ' વધતો ગયો. તદ્દન નિઃસ્પૃહી અને બિનમહત્ત્વાકાંક્ષી કાકા સાથે પુસ્તક લખવાની મને તક મળી. તેમાં મેં નોંધ્યું છે કે ''એમની સાદગી-નિષ્ઠા-કાર્યરૂચિ સાથોસાથ કુદરતી ઉપચારના જ્ઞાન માટે તો માન થાય જ - અહોભાગ જાગે - પણ વિશેષ તો એમનામાં રહેલાં સ્નેહ, સદ્ભાવ અને વાત્સલ્યના ઝરણાએ મને ભીંજવી દીધી - હું તરબોળ બનતી ચાલી. આ વયે પણ નવું જાણવા-શીખવા અને સતત ઉદ્યમશીલ રહેવાનો સ્વભાવ મારે માટે એક વિશિષ્ટ અનુભવ રહ્યો.'' મને કાકાના સ્વાસ્થ્યનું રહસ્ય જડ્યું છે એમની નિર્લેપતામાં અને બાળક જેવી નિખાલસતામાં! એઓ ખરા અર્થમાં પ્રહરી બનીને એમનાં સંપર્કમાં આવતા સર્વેના જીવનમાં સ્વાસ્થ્યની જ્યોત પ્રગટાવે છે.

થોડા સમય પહેલાં વહેલી સવારે કાકા બાથરૂમમાં પડી જતાં થાપાનું હાડકું ભાંગી ગયું અને ઓપરેશન કરાવવું પડ્યું - પથારીવશ થયા છતાં કાકાએ હિંમત હારી નહીં. થોડી અનુકૂળતા પ્રાપ્ત થતાં જ કાકાએ પત્રવ્યવહાર દ્વારા કે રૂબરૂ આવતાં દર્દીઓને સલાહ-સૂચન, પથ્યપાલન તેમજ ઉપચારની વિગતો સમજાવવાનું કાર્ય ચાલુ રાખ્યું હતું તમને પણ કાકાનો સંપર્ક કરવાનું જરૂર મન થયું હશે.

(નોંધ : પૂ. વાલાકાકા હવે અવસાન પામ્યા છે.)

* * *

*સદા જાણું : મુઠ્ઠી ભરી લઈ તરંગો દબદબા, ધરું સર્વેને, કે શિશુ થઈ બતાવું દશદિશા.*
*ભમું ચાલું પૃથ્વી પર સજું સજાવું અવનવું, અજાણ્યાં બે હૈયાં બિચ હું જીવસંચાર જગવું.*
*- રામચંદ્ર પટેલ*

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### ભાંડુપ સમાચાર

**ભાંડુપમાં અચલગચ્છાધિપતિ શ્રી આદિ શ્રમણ - શ્રમણીઓનું ભવ્ય સામૈયું થશે :** બાળ મુમુક્ષુ ચિ. હિરલ ગડાની ભાગવતી દીક્ષાની પૂર્ણાહૂતિ કરી પ.પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. પાંચ આ.ભ. આદિ શ્રમણ-શ્રમણીઓ શનિવાર, તા. ૧૫ એપ્રીલના બપોરના ૩ કલાકે ભાંડૂપમાં નગરે પ્રવેશ કરશે ત્યારે તેમનું સામૈયું થશે.

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપ

ભાંડુપના આદેશ્વર જિનાલયે વરસીતપના પારણાના દિવસે તા. ૨૮-૪-૨૦૧૭ ને શુક્રવારના ૫.૩૦ કલાકે આદિનાથ દાદાને ઈક્ષુરસથી પક્ષાલ કરાવવામાં આવશે. પ્રથમ ચડાવા લેનારને અને ત્યારબાદ હાજર રહેનાર સર્વેને પક્ષાલનો લાભ મળશે.

**મહોદાનમ્ અનુષ્ઠાન :** પંદર વરસીતપ તપારાધકા તરફથી પ.પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા. સા.શ્રી. કનકગુણશ્રીજી મ.સા. આદી ઠાણા છની તપાચારી નિશ્રામાં ''અહોદાનમ્'' અનુષ્ઠાને તપનું ઉજમણું કર્યું. શ્રી આમંત્રણે વિશિષ્ટ મહાનુભાવો સાથે ૪૬૦ શ્રધ્ધાળુ ભક્તો પધાર્યા. મનોજ કારાણીના સૂર સંગીતે જૂમી ઉઠ્યા હતા. શ્રી સંઘ સૌને તિલકે વધાવી સંઘ પૂજન કરી સાંજના ચૌવિહાર કરાવ્યું સૌ તપારાધકો શાતામાં છે.

### ચામુંડા માની નવમી પહેડી

કચ્છ કોઠારા સ્થાને ચામુંડા માને નમતા પરિવાર જનો તરફથી માતુશ્રી ચંપાબાઈ લાલજી મૈશેરી, માતુશ્રી રતનબાઈ રાઘવજી, માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી તરફથી નવમી પહેડી માતાજીનું સામૈયું બેસણાં ભક્તિ સંગીત રાસ - ગરબા, પહેડી પ્રસાદ વગેરેમાં ૪૬૦ શ્રધ્ધાળુ ભક્તો પધારી સંપન્ન કરી. પહેડી પ્રસાદના ત્રણેય લાભાર્થી પરિવારનું બહુમાન થયું. કમીટીએ મહાજનના નવા પદાધિકારીઓ કિરણ લાલજી મૈશેરી, લહેરચંદ દામજી મૈશેરી, પારસ લહેરચંદ મૈશેરીનું સન્માન કર્યું.

ચેતના હરિયા (પદ્મા આર્ટના) કિર્તી હરિયા પાર્ટીએ સૌને ભક્તિમાં તરબોળ કર્યા.

### ડાઘા માલદે બેરાળી પરિવાર - દલતુંગી

દલતંગીના ડાઘા માલદે ખેરાણી પરિવારના કુળદેવી મોમાઈ માતાજીની ૮મી ધ્વજા વૈશાખ સુદ ૬ ને સોમવાર, તા. ૧-૫-૨૦૧૭ના દલતુંગી મુકામે રહેશે. ધ્વજાનો આદેશ માતુશ્રી જયાબેન પુનશી લખમશી માલદે - મુલુંડ પરિવારે લીધેલ છે. તે દિવસે ત્રણે સમયની સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખેલ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન મુંબઈ મીડટાઉન સંઘ

શ્રી ક.દ.ઓ. જૈન મુંબઈ મીડટાઉન સંઘ દ્વારા શનિવાર, તા. ૧૮ માર્ચના શુભ દિવસે શ્રી વિરમ લધા પરિવારના સહકારથી એમના ઘર આંગણે એકદમ વ્યાજબી દરે ક્વોલીટી મસાલા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

દિપ પ્રાગટ્ય જ્ઞાતિના નગર સેવિકા સૌ. નેહલબેન અમર ખોનાએ કર્યું હતું. વડિલ માતુશ્રી તિલકબેન લોડાયાની હાજરીએ સૌને ભાવ વિભોર કર્યા.

મસાલાની ઉત્તમ ક્વોલીટી અને હોલસેલથી પણ ઓછા ભાવ હોવાના કારણે જબ્બર પ્રતિસાદ મળ્યો. મસાલા માટે ઉંઝાના સૌ. દિનાબેન તથા યશોધન મહેશ્વરી તથા હળદર માટે સેલમના શ્રી રાયચંદ માલશી મોતાએ તથા વિરમ પરિવારના ઘરના સૌ. સભ્યોએ ખૂબજ સારો સહકાર આપ્યો. ખમા નાગડા, સુશીલા ધરમશી તથા મધુરી વિકમશી આયોજનના સૂત્રધાર હતા.

### પૂ. મુનિશ્રી હ્રીંકારસાગરજી મ.સા.ની ૯૦મી ઓળી

રાજસ્થાનમાં કચ્છ અને ગચ્છ-ગુરૂનું નામ વધારનાર


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : **દિનેશ દેઢિયા - 92234 25676**

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો

ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર

ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ / તવેરા / તુફાન

સંપર્ક: **શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ)**, બાયઠવાળા

**099798 55686**

ગુરૂગુણ કૃપા પાત્ર કચ્છ કોહીનૂર પ.પૂ. મુનિરાજ શ્રી કમલપ્રભસાગરજી મ.સા.ના શિષ્યરત્ન જ્ઞાતિ ગૌરવ, નલિયારત્ન પ.પૂ. મુનિરાજ શ્રી હ્રીંકારસાગરજી મ.સા. ૮૫ વર્ષની જૈફ વયે વૈશાખ સુદ ૫ના સંયમજીવનના ૨૧મા વર્ષમા પ્રવેશ સાથે ૯૦મી ઓળી પૂર્ણ કરી. સુદ ૬ના (તા. ૧-૫-૨૦૧૭) રાજસ્થાનના શંખેશ્વર અને કચ્છીધામ એવા શ્રી ગૌતમગુણ વિહાર તીર્થે - પાલી (રાજ) મધ્યે પારણું કરશે.

### હુબલી સમાચાર

શ્રી અજીત સ્નાત્ર મંડળ તથા મહિલા હિતવર્ધક મંડળ તરફથી તા. ૧૦-૩-૨૦૧૭ ફાગણ સુદ તેરસના રોજ છ ગાવની ભાવ યાત્રાનું આયોજન કરેલ. શ્રી અજીતનાથ જિનાલયમાં શાંતિ સ્નાત્ર બાદ શ્રીમતી બાયાબેન ગોસર અને શ્રીમતી ઇન્દુબેન ધરમશીએ ભાવયાત્રા કરાવેલ.

મેફેર ઓડોટોરીયમમાં સ્નાત્ર મંડળનો વાર્ષિક અહેવાલ રજુ કર્યા બાદ ધાર્મિક રમત રમાડેલ. ભાતાના લાભાર્થી સૌ. શીલાબેન ખોના અને સૌ. કલ્પનાબેન મોતા હતા. લીંબુ શરબતના લાભાર્થી સૌ. પ્રીતીબેન કુરૂવા અને સૌ. વર્ષાબેન કુરૂવા હતા. કલીંગર અને દ્રાક્ષનાં લાભાર્થી સૌ. ચંદ્રાબેન લોડાયા અને શ્રીમતી પ્રીયાબેન પટેલ હતા. સાધર્મિક ભક્તિનો લાભ શા. હિરજી હેમરાજ મોમાયા પરિવારે લીધેલ.

તા. ૧૧-૨-૨૦૧૭ને શનિવારે શ્રી મહિલા હિતવર્ધક મંડળની નવી કારોબારી સમિતિને કારભાર સોંપવાની વિધિ કરવામાં આવેલ.

નવી સમિતિ દ્વારા તા. ૧૮-૩-૨૦૧૭ ના રોજ પ્રથમ મિટીંગ રાખવામાં આવેલ. જેમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સાત ભારતીય મહિલા જે વિશ્વસ્તરે વિખ્યાત છે તેમનું વિશે આ માહીતી આપી અને નાની બાલીકાઓ એ તેમની વેશભૂષા ભજવી હતી.

આપણી ઉપલબ્ધીઓ પર પ્રકાશ પાડી તેમાંથી ૫ બાલીકાઓને ટ્રોફી આપી સન્માનીત કરાઈ હતી.


## લલાપો એસ્ટેટ એજન્સી



મુલુંડ અને આસપાસના ક્ષેત્રમાં ફલેટો - દુકાનો - ઓફિસો- ઇન્ડસ્ટ્રીયલ ગાળા લેવા - વેચવા - ભાડે લેવા ભરોસા પાત્ર નામ.

**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો)**
**09930008339 / 07567207749**
**વિપુલ લક્ષ્મીચંદ પોલડીયા**
**09833060660 / 09869167172**


### વરસી તપ અચલગચ્છીય સમુહ પારણા

શ્રી અખીલ ભારત અચલગચ્છ (વિધીપક્ષ) જૈન શ્વેતાંબર સંઘ દ્વારા શુક્રવાર તા. ૨૮-૦૪-૨૦૧૭ ના નેસ્કો ગ્રાઊન્ડ, ગોરેગામ ખાતે આયોજીત સામુહિક વરસીતપ પારણામાં આપનું નામ વરસીતપ આરાધક તરીકે નોંધવવા નું રહી ગયું હોય તો, તેમને શાંતિનાથ ભુવન, ડૉ. આંબેડકર રોડ (ઓફ શ્રધ્ધાનંદ રોડ), માટુંગા ખાતે ૧૧ થી ૬ દરમ્યાન ફોર્મ ભરી, તુરંત નોંધવવાની સૂચના સંઘ વતી ઉપપ્રમુખ ચીમન મોતા - 0932220708 અને મંત્રી પ્રવીણ લોડાયા - 09820565261એ આપી છે. આનાફોડ ૧ આના = ૫૦૦૦/-

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી સ્થાપના થયેલ અને પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શન દ્વારા ટ્રસ્ટ પોતાના કાર્યોમાં સફળતાપૂર્વક કાર્ય કરે છે.

દર બુધવારના ગરીબોને ભોજન આપનાર દાતા (કાયમતિથી) : ૧) માતુશ્રી વિજયાબાઈ દેવજી પટેલ હસ્તે વિજયાબાઈ, વિરચંદ રતનશી ભાટે - ચાલીસગામ, ૨) માતુશ્રી વિજયાબાઈ દેવજી પટેલ હસ્તે વિજયાબાઈ, વિરચંદ રતનશી ભાટે, ચાલીસગામ, ૩) નરેન્દ્ર ડી. મૈશેરી હસ્તે રાહુલ એન્ડ નિરંજન મૈશેરી, કોપરખેરાણે, ૪) વિસનજી આણંદજી મોમાયા હસ્તે સુંદરબાઈ મોમાયા, કોચીન, ૫) પ્રેમીલાબેન પ્રમોદભાઈ વિરચંદ મોમાયા, ઘાટકોપર, ૬) ઝવેરચંદ વેલજી મોમાયા (હસ્તે દલેશભાઈ, ચાલીસગામ, ૭) ઈન્દીરાબેન પદમશી ધરમશી - હસ્તે તિલોતમા લોડાયા - મુલુંડ, ૮) માતુશ્રી હિરબાઈ માણેકજી નરશી લોડાયા - હસ્તે વિજયભાઈ ગુંદરવાલા - કેનેડા, ૯) પુર્ણીમાબેન પદમકુમાર નાગડા, હુબલી, ૧૦) માતુશ્રી લક્ષ્મીબાઈ દેવજી કેશવજી લોડાયા - હસ્તે - વિજયાબાઈ, વિરચંદ ભાટે, ચાલીસગાવ, ૧૧) નેણશી કુંવરજી લોડાયા - હસ્તે લક્ષ્મીબાઈ લોડાયા, ચાલીસગામ, ૧૨) હિરબાઈ માણેકજી લોડાયા, ગુંદરવાલા - થાણે, ૧૩) આશારીયા ચત્રભુજ લોડાયા, અંકલેશ્વર.

### સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા :

**વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

હાડકાનો કેમ્પ રવિવાર, તા. ૩૦-૦૪-૨૦૧૭ના બપોરના ૧ વાગ્યાથી ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૯-૦૪-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૩૦-૦૪-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધી હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## ત્યજી દેવાયેલી બાળકી એનાં કિસ્મતે કેનેડા દત્તક અપાઈ

બે વર્ષ પહેલાં માનવજ્યોત સંસ્થા ભુજનાં શ્રી પ્રબોધ મુનવરને ઉનાળાની કળઝાળ ગરમી અને બળબળતા તાપમાં ભુજનાં શિવરામંડપ વિસ્તારની કંટાળી ઝાડીમાંથી એક તાજી જન્મેલી બાળકી મળી આવી હતી.

શ્રી મુનવરે બાળકીને તાત્કાલિક ભુજની જનરલ હોસ્પિટલે પહોંચાડી સારવાર શરૂ કરાવી દઈ પોલીસને જાણ કરી, અજાણી મહિલા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. ૨૦ દિવસની સારવાર બાદ બાળકી સ્વસ્થ બનતાં પોલીસ કાર્યવાહી બાદ કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર ભુજને સોંપાઈ હતી. કેન્દ્રની અનાથ બાળાઓ આ બાળકીને ઉછેરી રહી હતી. બે વર્ષ બાદ આ બાળકીને કેનેડાનાં ભારતીય દંપતિએ દત્તક લેતા એક સમારોહમાં આ બાળકી, એ પરિવારને સોંપાઈ હતી. અને આ બાળકી કેનેડા પહોંચી હતી.

કોઈકે એને ત્યજી તો કોઈકે એને અપનાવી. આમ પ્રભુનાં ઘરે દરેકને ન્યાય મળે છે. માનવજ્યોતના પ્રબોધ મુનવરને આવા તાજા જન્મેલા ૧૯ બાળકો-બાળકી મળેલા. જેમાંથી ૧૦ મૃત્યુ પામેલી હાલતમાં મળેલ. જ્યારે ૯ ને બચાવવામાં સફળતા મળી હતી. કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર ભુજ દ્વારા મળી આવેલા બાળક-બાળકીઓ ૯૦ દિવસ પછી દત્તક અપાય છે. શ્રી મુનવરે બચાવેલા ૯ બાળકો-બાળકી પૈકી બે બાળકીઓ દુર્ગા અને દેવાંશી વિદેશમાં રહેતા ભારતીય પરિવારોને દત્તક અપાઈ છે.

## શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

જિન શાસનના તત્વજ્ઞાન, પદાર્થ વિજ્ઞાન, ઈતિહાસ, ભુગોળ, કર્મ વિજ્ઞાના આ દિના જ્ઞાનને પિરસતા અભ્યાસક્રમમાં જોડાઈને મળેલી તકને વધાવી લેવા સહુને હાર્દિક આમંત્રણ છે.

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની શુભ આજ્ઞા એવં આશીર્વાદથી આગમ અભ્યાસી પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા. તથા શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની દિવ્યકૃપાથી તથા પ.પૂ. સા. જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણા - માર્ગદર્શનથી છેલ્લા પાંચ વરસથી ઉપરોક્ત અભ્યાસક્રમ ચાલુ છે. સારી સંખ્યામાં પૂજ્ય મુનિભગવંત એવં પૂજ્ય સાધ્વીજી ભગવંત સહ ચતુર્વિધ શ્રી સંઘને જ્ઞાનનો લાભ મળી રહ્યા છે. ભાગ લેનાર સહુ ધન્યવાદ અને અનુમોદનાને પાત્ર છે.

ત્રણ વરસનો બેચલર ઓફ જૈનિઝમનો અને આગળ બે વરસનો માસ્ટર ઓફ જૈનિઝમનો કોર્સ છે.

આ વરસની કેન્દ્ર પરીક્ષા તા. ૧૬ એપ્રીલના પિસ્તાલીસ કેન્દ્રો ઉપર આયોજિત કરવામાં આવી છે.

આવતા વર્ષ માટે પ્રવેશ ચાલુ થઈ ગયેલ છે. તા. ૧૫ મે સુધી પ્રવેશ લઈ લેવા વિનંતિ છે. નુતન વર્ષના અભ્યાસક્રમનાં પ્રારંભ ૧ લી જુનથી થશે.

પ્રવેશ માટે સંપર્ક : સૌ. કાશ્મીરાબેન લોડાયા (ઔરંગાબાદ - 02502336475),

સૌ. શિલ્પાબેન અજાણી (અંધેરી - 09821113338), સુ.શ્રા. લતાબેન વિકમશી (મસ્જીદબંદર - 09323944117), કુ. હેતલ શિયાળ (ચાલીસગામ - 09890702568)


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

વિવિધ ધાર્મિક આયોજનોમાં નિશ્રા આપવા મુંબઈ પધારી રહેલા અચલગચ્છાધિપતિ તથા સર્વે આચાર્યશ્રીઓ તેમજ શ્રમણ-શ્રમણી વૃંદને અંતરતલથી મત્થેણ વંદામિ !
- ચિમન મોતા • તન-મન પરિવાર



શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **લારેશ વિરચંદ મૈશેરી** | ૨૩/૨૪, મલબારી હાઉસ, ૪થે માળે, નરશી નાથા સ્ટ્રીટ, |
| (PS 182) | કાથા બજાર, મસ્જીદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯. |
| **શ્રીમતી સરલાબેન લખમશી સાયલા** | ૭૦૪, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), |
| (PS 869) | મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: ૯૮૨૦૩ ૪૪૧૫૬ |
| **મધુકાન્ત હીરજી લોડાયા** | ૩૦૨, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), |
| (PS 862) | મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: ૯૮૨૦૨ ૮૪૮૪૦, ૯૩૨૪૨ ૨૯૮૪૪ |
| **વિરચંદ ડુંગરશી મૈશેરી** | બીજે માળે, ૨૦૬, બિલ્ડીંગ નં. બી-૩, નીલકંઠ નગર, બી.પી.એસ. રોડ, |
| (PS 7306) | મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| **આકાંક્ષ મયુર મોમાયા** | ફ્લેટ નં. ૧૦૦૩, ૧૦મે માળે, સનાયા એસ્ટ્રીયો, અગ્રવાલ હોસ્પીટલની સામે, |
| (PS 6613) | ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૭૦૪૫૩ ૯૨૮૭૪ |
| **હેમંત કુલીનકાંત શાહ (લોડાયા)** | એ. એન. ડી. કોમ્પ્લેક્સ, સી વિંગ, ૫૦૧, લોટસ, અગાસન ફાટક પાસે, |
| (PS 7307) | અગાસન, દીવા (ઈસ્ટ), થાણા - ૪૦૦ ૬૧૨. |
| **ચંદુભાઈ ખીમજી શાહ (ગોશર)** | સહજાનંદ, સર્વે નં. ૧૫, પ્લૉટ નં. સી-૭૮, સેક્ટર ૫૪ની સામે, ૬ઠ્ઠો ક્રૉસ, |
| (PS 5752) | નવા નગર, બાગલકોટ - ૫૮૭ ૧૦૩, કર્ણાટક મો.: ૯૮૮૦૯ ૦૬૮૮૮ |

## જીવનચક્ર

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૪-૧૭ | જલગામ | દીપ નિતીન વર્ધમાન લોડાયા | કોઠારા | ૨૪ |
| | સેંધવા | કાજલ અશોક ગોવિંદજી નાગડા | જખૌ | ૨૩ |
| ૦૨-૦૪-૧૭ | મુલુંડ | ભાવિન પંકજ પદમશી ખોના | જખૌ | ૨૬ |
| | હુબલી | શ્રેયા કેતન મણીલાલ મૈશેરી | સાંયરા | ૨૪ |
| ૨૯-૦૩-૧૭ | કોઈમ્બતુર | સમીર રાજેશ છગનલાલ ધરમશી | સુથરી | ૨૮ |
| | નાગપુર | જાનવી મુકેશ રતીલાલ મૈશેરી | જખૌ | ૨૮ |
| ૦૬-૦૪-૧૭ | ડોમ્બીવલી | અંકુર લહેરચંદ ખેતશી મોતા | લાખણીયા | ૨૮ |
| | સૈદાપુર | વર્ષા કિરણ વાલજી મોમાયા | બારોઈ | ૨૩ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૪-૧૭ | ડોમ્બીવલી | સ્મિત સુનીલ નાનજી સાવલા | બેરાજા | ૨૮ |
| | ડોમ્બીવલી | મિનલ નિતીન ભાયચંદ ધરમશી | રંગપુર | ૨૨ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૪-૧૭ | વજેશ્વરી | જ્યોત્સના પ્રવીણભાઈ નાગડા | લાલા | ૫૮ |
| ૦૮-૦૪-૧૭ | મુલુંડ | વિક્રમ કાંતીલાલ મોતા | તેરા | ૪૩ |


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

# સ્મૃતિ વંદના



આરંભ :
તા. ૨૭-૧૦-૧૯૩૩

વિરામ :
તા. ૦૯-૦૪-૨૦૧૩

પરમ વંદનીય

## સ્વ. શ્રી ખીમજી કરમશી વિરપાર શાહ લોડાયા

ગામ : મોટી ખાવડી - મુલુંડ

**પાવન જીવન યાત્રા**

ભુલવા આપને ક્યાં આસાન છે !
આપની સ્મૃતિઓથી મઢેલું આસમાન છે, પલકતાં તારલાઓ, ચમકતા સૂરજ ને ચાંદ.....
આપના એ સંસ્મરણો, ને પરિવારનો પ્રેમ, સતત વરસાવતી સંસ્કારોની અમિધારા.....
પાવન કરતી અમ સહુને, જીવનની ધારા, દિવાદાંડી બની, તોફાની સાગરમાં રાહ ચિંધે.....
ધર્મ, કર્મ, કે સમાજની, વાત કે, રીત રિવાજની, હર કદમ પર નવી દિશા, ચિંધી બની સુકાની.....
આપનું પ્રાગટ્ય, અમ અંતરનો હતો ઉત્સવ, આપની વિદાય અમ હૃદયની બની ઉદાસી.....

## ''અમ હૃદયવાણી''

આપની તમામ સ્મૃતિઓ, અમારા અંતર પટ પર સદા તસ્વીર બની આપની હાજરીનો અનેરો અહેસાસ કરાવે છે. આપના સ્નેહ, સમર્પણ, સંસ્કાર અને પરિવાર, પરત્વેનો પ્રેમ, વર્તમાન અને આવનારી પેઢીઓ માટે યુગ દિવાકર બની પ્રકાશશે. પરિવારના વડીલ તરીકે, પતિ, કે પિતા, વાત્સલ્યમુર્તિ દાદા, તરીકે આપની શિતળ છાયા, અમ સહુના જીવનમાં નવ ચેતના રહશે. આજ પણ આપનો પરિવાર લીલીવાડી જેવો લહેરાય છે. અમે બધાં પંખી સ્વરૂપે ટહૂંકે ટહૂંકે તમને યાદ કરીએ છીએ. આપ અમારા હૈયામાં હતાં, હૈયામાં વસો છો, અને હૈયામાં રહેવાનો છો.

**''સ્વીકારજો અમારી સ્મૃતિ વંદના''**

ધર્મપત્ની : **જયવંતીબેન**

પુત્ર-પુત્રવધુ : **ગીરીશ - સંધ્યા, મહેશ - નૂતન**
**બંકિમ - રીટા, મુકેશ - ગીતા**
પૌત્ર-પૌત્રવધુ : **પ્રિતેશ - શીખા, ઉર્વેશ - પાયલ**

પૌત્રી-જમાઈ : **ભક્તિ - તુષાર**
પૌત્ર-પૌત્રી : **કિંજલ, કુનાલ, દ્રષ્ટિ**
પ્રપૌત્ર : **નિશ પ્રિતેશ**

**સ્વ. માતુશ્રી લીલબાઈ કરમશી વિરપાર લોડાયા પરિવાર** (મોટી ખાવડી)
**સ્વ. માતુશ્રી ચાંપબાઈ ટોકરશી પદમશી ધરમશી પરિવાર** (નાની ખાવડી)

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (10-04-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## હાર્દિક અભિનંદન : લોડાયા (બોચ્ચા) તથા નાગડા (પટેલ) પરિવારનું ગૌરવ



**CS વિશાલ શશીકાંત લોડાયા,** B.Com, CS, LL.B.
શ્રી ચંદ્રપ્રભુ સ્વામી, શ્રી ભલારા દાદા તથા શ્રી સચ્ચામાં અને ગુરૂજનોના શુભ આશીષથી અમારા પરિવારોનો લાડકો, **ચિ. વિશાલ** C.S. (Company Secretary) ની પરીક્ષામાં ઉર્તીર્ણ થઈ બન્ને પરિવારોનું ગૌરવ વધારેલ છે, તે બદલ તેને ખૂબ ખૂબ અભિનંદન.

**ચિ. વિશાલ** ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભ કામનાઓ.

શુભેચ્છકો : અ.સૌ. વિભા–શશિકાંત કુલીનકાંત લોડાયા (માતા-પિતા)
અ.સૌ. પ્રિતી રાહુલ ગોશર (બહેન-બનેવી)
દાદાણા : સ્વ. કુલીનકાંત પદમશી લોડાયા પરિવાર (કચ્છ-નલીયા)
ફોન : શશીકાંત – 09387441909, વિભા – 07506221167
નાનાણા : માતુશ્રી પ્રિયવંતી જીવનલાલ નાગડા (પટેલ) પરિવાર (કચ્છ-નલીયા)

## પર્યાવરણ પ્રેમી ક્યાં પણ જાય પોતાને લાયક કામ શોધી જ લે છે !



થોડા વર્ષો પહેલાં સુધી ભદ્રેશ્વર તીર્થમાં રહેતા તેજકુમાર જૈને ત્યાંના ઢેડાન તળાવને ઊંડું કરાવવા તેમજ તીર્થની આસપાસના પ્રદેશને વૃક્ષાચ્છિદિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવેલી. હાલમાં તેઓ રાજકોટમાં રહે છે અને એક નાની દુકાનમાં કામ કરે છે. ત્યાંપણ તેમણે પર્યાવરણની રક્ષા કાજે વૃક્ષો વાવવાનું કામ છોડ્યું નથી. પોતે જ્યાં કામ કરે છે એ દુકાનની પાસેની નાની જગ્યામાં પણ તેમણે એક વૃક્ષ વાવ્યું જ છે.


# WANTED

## An M.B.A. MARKETING
for
## 3D PRINTING COMPANY








A leading **3D Printing** Company from our **Community** at Sion (Mumbai) who is doing projects and has done projects for **Tata, B.A.R.C.** leading Architects and Doctors needs M.B.A. Marketing.

Those interested should email their C.V. to **hr@meltingmints.in**


if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,